કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, ઓક્ટોબર ૨૦૨૧ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ





મહંત નરેન્દ્રબાપુ સોલંકીના સાંનિધ્યમાં મળેલ સંમેલનમાં

## વિશ્વકર્મા પરિવારના સંગઠનનો દૃઢ સંકલ્પ




## રાજકોટ સહિતના શહેરોમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી




રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા ગરબી મંડળ દ્વારા આયોજીત નવરાત્રિ મહોત્સવનું યુ ટયુબ દ્વારા લાઇવ પ્રસારણ કરવામાં આવ્યુ હતું જેનો લોકોએ સારો લાભ લીધો હતો. (તસવીર : પ્રવીણ ગજ્જર)








રાજકોટના વિશ્વકર્મા પ્રભુજી મંદિરમાં વિશ્વકર્મા પુજન દિવસની ઉજવણી માટે ભાવિકોની કટાર લાગી હતી.

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-9, Issue No.9
Date : 10-10-2021

Page : 20
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વકર્મા પરિવાર ગુજરાતના મજબુત સંગઠનના શ્રી ગણેશ

વિશ્વકર્મા પરિવાર કે જેની ગુજરાતમાં ૧૨ ટકા જેટલી વસ્તી ધરાવે છે. આનાથી પણ ઓછી વસતી ધરાવતા પરિવારો સંગઠનના જોરે સરકારમાં અને અન્ય ધાર્યુ કરાવી શકે છે. એટલુ જ નહીં પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી પણ નક્કી કરાવી શકે છે. સંગઠનની આ તાકાત છે. પરંતુ વિશ્વકર્મા પરિવાર કે જેનું સમાજના નિર્માણમાં, ઔધોગિક વિકાસમાં મહત્વનું યોગદાન હોવા છતાં વિશ્વકર્મા પરિવાર અસંગઠીત હોવાના કારણે રાજકીય, સામાજીક, શૈક્ષણિક, આર્થિક અને સામાજીક ક્ષેત્રે ઘસાતો રહયો છે. સામાજીક-રાજકીય કે અન્ય ક્ષેત્રે પણ નોંધ લેવાતી નથી. પરંતુ હવે વિશ્વકર્મા પરિવારે સંગઠીત થવાની કમર કસી છે. સમગ્ર વિશ્વકર્મા પરિવારમાં આવતા સમસ્ત લુહાર સમાજ, સમસ્ત સુથાર સમાજ, સમસ્ત કડીયા સમાજ, સમસ્ત પ્રજાપતિ સમાજ, સમસ્ત દરજી સમાજના પ્રમુખ હોદ્દેદારો, આગેવાનો, ઉધોગપતિઓ વગેરેની રાજકોટમાં ભક્તિનગર સર્કલ પાસે આવેલી શ્યામવાડીમાં સંમેલન મળ્યું હતું. અને આ સંમેલનમાં વિશ્વકર્મા પરિવારનું રાજયવ્યાપી સંગઠન ઉભુ કરવાના શ્રી ગણેશ થઇ ચુકયા છે.

આપા ગીગા ઓટલાના મહંત શ્રી નરેન્દ્ર બાપુ સોલંકીના માર્ગદર્શનથી મળેલ આ સંમેલનને સમાજના તમામ ક્ષેત્ર તરફથી આવકાર મળ્યો છે. અને આવતા દિવસોમાં સમગ્ર વિશ્વકર્મા પરિવાર સંગઠીત થશે જ. તેવો સૌને વિશ્વાસ બેઠો છે. ત્યારે આપણે સૌએ વિશ્વકર્મા પરિવારના સંગઠનમાં તન-મન-ધનથી જોડાઇ જવું જોઇએ.

મહંત શ્રી નરેન્દ્ર બાપુ સોલંકીએ વિશ્વકર્મા પરિવારના સંગઠન માટે તન-મન-ધનથી તૈયારી બતાવી છે. ત્યારે હવે વિશ્વકર્મા પરિવાર સંગઠીત થશે જ તેવો સૌને વિશ્વાસ બેઠો છે. સંગઠન સિવાય સમાજનો રાજકીય, આર્થિક, સામાજીક, ઔધોગિક અને સાંસ્કૃતિક વિકાસ શકય જ નથી. આવી સમજણ સૌએ કેળવી, વિશ્વકર્મા પરિવાર સંગઠીત થઇને આવતા દિવસોમાં વિશ્વકર્મા પરિવારની શું તાકાત છે તેના સમગ્ર સમાજને દર્શન કરાવશે તે હવે નક્કી થઇ ચુકયુ છું ત્યારે હવે આવો આપણે સૌ વિશ્વકર્મા પ્રભુજીનો નારો બુલંદ બનાવવા કટીબદ્ધ થઇએ. આવુ થાય તે માટે વિશ્વકર્મા પ્રભુજી અવશ્ય પ્રેરણા પુરી પાડશે જ.

જય વિશ્વકર્મા...

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# સંગઠનની તાકાતથી જ વિશ્વકર્મા પરીવારનો સર્વાંગી વિકાશ થશે : મહંત શ્રી નરેન્દ્ર બાપુ

## સમસ્ત વિશ્વકર્મા પરિવારના સંમેલનમાં મજબૂત અને અસરકારક સંગઠ્ન બનાવવા દ્રઢ સંકલ્પ



● પ્રવીણ ગજ્જર



**પ્રવીણ ગજ્જર**

વિશ્વકર્મા પ્રભુજીની સીધી લીટીનો વારસદાર એવા વિશ્વકર્મા પરીવાર અસંગઠીત હોવાના કારણે રાજકીય, સામાજીક, શૈક્ષણીક અને આર્થીક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ક્રમશઃ ઘસાતો રહ્યો છે. ગુજરાતમાં વિશ્વકર્મા પરીવારની ૧૨ ટકા વસ્તી હોવા છતાં તેની કોઇ નોંધ લેવાતી નથી તેનું મુખ્ય કારણ આપણે પોતે જ છીએ કારણ કે આપણા સમગ્ર પરીવાર શ્રી વિશ્વકર્મા દાદાના સંતાનો તરીકે નહીં પણ વિશ્વકર્મા દાદાની જ્ઞાતિઓમા વેચાયેલા છે જેથી ઉપરોકત કોઇપણ જગ્યાએ આપણી નોંધ લેવામાં આવતી નથી. ખરેખર તો આપણી ૧૨ ટકા વસ્તીના પ્રમાણમાં આપણા વિશ્વકર્મા સમાજના લોકોને રાજકીય ક્ષેત્રે કોર્પોરેશનની ચૂંટણીઓ હોય, નગર પાલીકાની ચૂંટણીઓ હોય, તાલુકા પંચાયતની ચૂંટણીઓ હોય, જીલ્લા પંચાયતની ચૂંટણીઓ હોય, ધારાસભાની ચૂંટણીઓ હોય, તેમાં દરેક જગ્યાઓ આપણા સમાજને આપણી જ્ઞાતિની વસ્તીઓ મુજબ રાજકીય ક્ષેત્રની અંદર રાજકીય હોદ્દાઓમાં ભાગીદારી મળવી જોઇએ. રાજકીયક્ષેત્ર ચૂંટણીમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઇએ. તેમજ ચૂંટાયેલા પાંખમાં આપણા હોદ્દેદારોને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઇએ. શૈક્ષણીક રીતે પણ યોગ્ય રીતે આપણા સમાજને પ્રતિનિધિત્વ મળવું જોઇએ. જે વસ્તુ ત્યારે જ શક્ય બનશે કે સમગ્ર વિશ્વકર્મા સમાજ વફાદારી પૂર્વક અને નૈતીકતા પૂર્વક એક થઇ અને લડશે.

ઉપરોકત વિષયો માટે સમગ્ર સમાજને આવતા દિવસો માટે અત્યાર થી જ મોટા વાડાઓને ભુલી નાના મોટા મતભેદોને ભુલી જેના અન્નભેગા તેના મન ભેગા આ વાતને અનુસરી અને એક થવાનો સંપૂર્ણ સમય પાકી ગયો છે. નહીં તો આવતા દિવસોમાં આપણા સમાજની કોઇપણ જગ્યાએ નોંધ લેવામાં નહીં આવે આ તકે શ્રી નરેન્દ્રભાઇ સોલંકીએ હાલના ચોમાસામાં ઉત્પન્ન થતા અળસીયાનો દાખલો આપી અને જણાવેલ કે ચોમાસાની ઋતુમાં વરસાદની સીઝનમાં રોડ પર અળસીયાઓ ઉત્પન્ન થાય છે. જેની ઉપર દરેક લોકો પગ મુકી અને ચાલતા જાય છે અને અળસીયા મૃત્યુ પામે છે. પરંતુ આ જ અળસીયાઓ જો ભેગા થઇ જાય તો તેઓ અજગરનું સ્વરૂપ ધારણ કરી શકે છે. અને અજગર હંમશા કોઇપણને ગળી જતુ હોય છે. તો આપણે વિશ્વકર્મા સમાજની ૧૨ ટકા વસ્તીએ કોઇને ગળી જવા માટે નહીં પરંતુ આપણી ઉપર પગ મુકીને ચાલતા રાજકીયક્ષેત્રના લોકોને રૂકજાવ કહેવાનો સમય આવી ગયો છે. જે કોઇ પોલીટીકલ પાર્ટીઓ દ્વારા વિશ્વકર્મા સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવે તેઓને જ વિશ્વકર્મા સમાજ મદદ જાહેર કરવામાં આવે તેઓ સમય હવે પાકી ગયો છે. તેવું

## વિશ્વકર્મા ધામના નિર્માણ માટે ૫ વિઘા જમીન આપવા શ્રી નરેન્દ્રબાપુ સોલંકીની પહેલ

# સમસ્ત વિશ્વકર્મા પરિવારના સંગઠન માટે ગાયત્રીનગર મેઈન રોડ પર કાર્યક્રમનો પ્રારંભ




નરેન્દ્રભાઇ સોલંકી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ અત્યારે આવતા દિવસોમાં વિશ્વકર્મા પરીવારની તમામ ક્ષેત્રની નોંધ લેવાય તે માટે વિશ્વકર્મા પરીવારનું અસરકારક સંગઠન ઉભુ કરવાની તાતી જરૂરીયાતને લક્ષમાં રાખી વિશ્વકર્મા પરીવારના મજબૂત અને અસરકારક સંગઠન માટે રવિવાર તા.૨૬-૯-૨૦૨૧ના રોજ ભક્તિનગર સોસાયટી પાસે આવેલ શ્યામવાડી ખાતે



સમસ્ત વિશ્વકર્મા પરીવાર ગુજરાતના નેજા હેઠળ આપાગીગાના ઓટલાના મહંત શ્રી નરેન્દ્રબાપુ સોલંકી ઉપસ્થિતીમાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજ, સમસ્ત શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ, શ્રી લુહાર જ્ઞાતિ સમસ્ત, શ્રી સોમપુરા જ્ઞાતિ સમસ્ત, શ્રી કંસાર જ્ઞાતિ સમસ્ત, શ્રી પ્રજાપતિ સમસ્ત, શ્રી કુંભાર પ્રજાપતિ સમસ્ત જ્ઞાતિ, શ્રી સમસ્ત દરજી સમાજ જ્ઞાતિના રાજકોટ, જામનગર, અમદાવાદ, ભાવનગર, વડોદરા, સુરેન્દ્રનગર સહીતના શહેરોમાંથી વિશ્વકર્મા પરિવારમાં આવતા તમામ સમાજોના પ્રમુખો, વિવિધ મંડળોના પ્રમુખો, ઉદ્યોગપતિઓ, બિલ્ડર્સ, નગર સેવક અને નગર સેવીકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિશ્વકર્મા પરિવારનું અસરકારક અને મજબૂત સંગઠન કરવાનો એકી અવાજે દઢ સંકલ્પ જાહેર કરવામાં આવ્યો હતો.

શ્રી નરેન્દ્રબાપુ સોલંકીએ આવતા દિવસોમાં પ્રત્યેક જીલ્લામાં દસ હજારનું સંમેલન અને ત્યારબાદ સવાલાખ લોકોનુ સંમેલન કરવાની કરેલ હાકલને ઉપસ્થિત ગુજરાતભરના વિશ્વકર્મા પરિવારના આગેવાનો એ વધાવી લઇને આવતા દિવસોમાં જીલ્લે જીલ્લે વિશ્વકર્મા પરીવારનું સંમેલન બોલાવવાની ખાત્રી આપી હતી.

કાર્યક્રમના પ્રારંભમા જુલીબેન લોઢીયાએ સંમેલનનો હેતુ અને વિશ્વકર્મા પરીવારના સંગઠનની શા માટે અને કવી જરૂર છે તેની વિસ્તૃત છણાવટ કર્યા બાદ અમદાવાદથી આવેલ વિશ્વકર્મા ધર્મ પ્રચારક સંજ્ય તલસાણીયાએ વિશ્વકર્મા પ્રભુજીની સ્તુતિ કાર્ય બાદ સંમેલનનો મંગલ અને ઐતિહાસીક પ્રારંભ થયો હતો.

આપાગીગાના ઓટલા મંહત શ્રી નરેન્દ્રબાપુ સોલંકીએ આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં આપણો વિશ્વકર્મા પરીવાર ૧૨ ટકા જેટલો છે અને ૭૮ લાખ જેટલી વસ્તી ધરાવે છે. આમ છતાં આપણે અસંગઠીત હોવાને કારણે આણો સામાજીક,આર્થીક, રાજકીય, શૈક્ષણીક અને સાંસ્કૃતિ ક્ષેત્રે કોઇ નોંધ લેવાતી નથી. સમાજે ટકવું હશે તો મજબૂત અને અસરકારક સંગઠન સિવાય આપણો એટલે કે વિશ્વકર્મા પરીવારનો ઉદ્ધાર નથી. હવે આજનો સમયમાં વિશ્વકર્મા પરીવાર સંગઠીત નહીં થાય તો આપણી આવતી પેઢી માફ નહી કરે. આવતી પેઢીને આપણે મોં બતાવવા જેવા પણ રહીશું નહીં.

તેમજ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે સંગઠનમાં રાજકીય દષ્ટી ન હોય તો સંગઠનની કોઇ કિંમત રહેતી નથી. જયાં સમાજના સંગઠનની વાત હશે તેમજ સમાજના હીતની વાત હશે ત્યાં હર હંમેશા હું તન, મન અને ધનથી વિશ્વકર્મા સમાજની સાથે છું. અને દરેક લોકોએ પણ રહેવું જોઇએ.

તેમણે કહ્યું કે લોકસભા, ધારાસભા કે કોપોરેશનની ચૂંટણી આવે ત્યારે જ્ઞાતિના સમીકરણો બોલવા લાગે છે અને આ વિધાનસભામાં આટલા પાટીદાર, આ વોર્ડમાં આટલા પાટીદાર તેવી ગણતરી રાખી પાટીદાર સમાજને જ આગળ કરાય છે. ઓ.બી.સી., એ.ટી., ઓ.બી.સી.ની વસ્તી ૭૮ ટકા હોવા છતા આપણી અવગણના થાય છે. આપણે વેર વિખેર હોવાથી આમ થાય છે. આપણો વિશ્વકર્મા પરીવાર સંગઠીત થાય તો બાકી બધાને ઘર ભેગુ થવું પડે તે નકકી વાત છે. પરંતુ ચૂંટણી આવે ત્યારે બટકુ રોટલો નાખે છે અને આપણી અસંગઠીતતાનો લાભ રાજકીય પક્ષો લઇ જાય છે.

સમાજને નામે મેં કદીપણ સમાજના ભોગે રાજકારણ કર્યું નથી. તેમ જણાવી શ્રી નરેન્દ્રબાપુ સોલંકીએ કહ્યું કે આપણે કોના વંશજો છીએ ? આપણો વિશ્વકર્મા પ્રભુજીના સીધી લીટીના વારસદાર છીએ આનુ સમાજનો ગૌરવ હોવું જોઇએ આવા ગૌરવ

# ટૂંકી મુદ્દતે પણ ગુજરાતના ગામે ગામથી વિશ્વકર્મા પરીવાર ઉમટી પડયા





સાથે સમાજને મોટા કરો. આવા સંગઠીત સમાજના ખીલવાની તાકાત છે. માંગવાથી કંઇ મળતું નથી. સંગઠીત સમાજ હોય તો આપો આપ મળી જાય છે. અધીકાર, હકક મેળવવા માટે સંગઠન જરૂરી છે.

શ્રી નરેન્દ્રબાપુએ જીલ્લે જીલ્લે મોટા સંમેલન યોજી શકાય, રાજકય કક્ષાનું સંમેલન યોજા શકાય તે માટે પ્રત્યેક જીલ્લે જીલ્લે યુવાનોની ટીમ ઉભી કરવાનું આહવાન કયું છે. અને ૧૦૦૦૦ થી વધુ મોટા સંમેલનો થાય દરેક પ્રકારના સંગઠનની વાત થાય ત્યાર બાદ સમગ્ર ગુજરાતભરમાંથી લાખો લોકો એકત્ર થઇ મહાસંમેલનો થાય તો જ આપણા સમાજની દરેક જ્ગ્યાએ નોંધ લેવામાં આવશે.

વિશ્વકર્મા ધામ બનાવવાની જરૂરીયાત તે તેમણે કહ્યું કે તમે મજબૂત સંગઠન કરો નિયમો બનાવો, સમગ્ર સમાજો ભેગા થઇ અને એક વિશ્વકર્મા મંડળ બનાવો જેથી સમગ્ર વિશ્વકર્મા સમાજનું સંગઠન થઇ શકે. એક દષ્ટી મંડળ બનો. વિશ્વકર્મા ધામ બનાવવા આપાગીગાના ઓટલા પાસે ૫ (પાંચ) વિઘા જમીનની આપવાની મારી તૈયારી છે. આપાગીગાના ઓટલે તો રોટલો ૨૪ કલાકે ચાલે છે એટલે આવા નિર્માણ પામેલ મંદિરમાં વિશ્વકર્મા પ્રભુજીના દર્શને આવતા લોકોને પ્રસાદ પણ મળી રહેશે.

વિશ્વકર્મા પરીવાર સંગઠીત થાય અને ઐતિહાસીક સંગઠન થાય તે માટે ગાયત્રીનગર મેઇન રોડ પર જીવરાજ ભવન ખાતેની બે ઓફીસની નરેન્દ્રબાપુ સોલંકીએ શ્રી વિશ્વકર્મા પરીવારને સમસ્તને વિનામૂલ્યે સુપરત કરી છે અને આ ઓફીસમાં કાયમી સ્ટાફની પણ વ્યવસ્થા કરી છે. વિશ્વકર્મા પરીવારમાંથી કોઇપણ પોતાની સમસ્યાઓ રજૂ કરી શકે છે.

સંમેલનના પ્રારંભના સુથાર સમાજના સંજયભાઇ તલસાણીયા, કિર્તીબેન કવૈયા, પ્રજાપતિ સમાજના જામનગર ગીરીશભાઇ અમેઢીયા, સોની સમાજના પ્રમુખ જગદીશભાઇ રાણપરા, અમદાવાદના શ્રી કાલુરાય સુથાર, લુહાર સમાજના યોગેશભાઇ સોલંકીએ પ્રાસંગીક ઉદ્‌બોધનમાં આજના સમયમાં વિશ્વકર્મા પરીવારના સંગઠનની જરૂરીયાત અંગે વિસ્તૃત રજૂઆતો કરી હતી. જામનગર શ્રી વિશ્વકર્મા મહાસંઘના અધ્યક્ષ દીલીપભાઇ ભારદીયા એ પણ સાથ-સહકાર આપવાની ખાત્રી આપી હતી.

લુહાર સમાજના અશોકભાઇ રાઠોડ, શ્રી લુહાર હિતેચ્છુ મંડળના રાજુભાઇ સીધ્ધપુરા અને તેની ટીમ સુતાર સમાજના ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણીયા, રમણીક પાટણવાડીયા, રસીકભાઇ વાઘસણા સહીતના વિવિધ સમાજના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સુંદર સંચાલન જુલીબેન લોઢીયાએ કર્યુ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી નરેન્દ્રભાઇ સોલંકી (નરેન્દ્ર બાપુ), શ્રી સંજયભાઇ મકવાણા, જુલીબેન લોઢીયા, સુરેશભાઇ પ્રજાપતિ અને ભાસ્કરભાઇ ગજજરે જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદમાં ૪૪માં સમુહલગ્નનું નેતૃત્વ ગુર્જર સુતાર સમાજ મણીનગર કરશે

અમદાવાદમાં શ્રી સૌરાષ્ટ્ર યુવક સંઘ તથા સહયોગી સંસ્થાઓ દ્વારા સંચાલીત સૌરાષ્ટ્ર ગુજૃર સુથાર સમુહ લગ્ન આયોજીત સમિતિ દ્વારા તા. ૨૦-૨-૨૨ના રોજ શ્રી શ્યામાપ્રસાદ વસાવડા હોલ ખોખરા ખાતે ૪૪માં સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું નેતૃત્વ શ્રી ગુર્જર સુતાર સમાજ મણીનગર કરશે. સમુહ લગ્નમાં જોડાવા અમદાવાદની સંસ્થાઓમાંથી ફોર્મ મેળવી શ્રી સૌરાષ્ટ્ર સુતાર યુવક સંઘ ગીતા મંદિર સંસ્થામાં જમા કરાવવાના રહેશે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૧-૧-૨૨ છે. સંપર્ક : શ્રી ગુર્જર સુતાર સમાજ (મણીનગર) મો. ૯૭૨૪૩ ૦૮૧૦૪.

# રાજકોટના વિશ્વકર્મા પ્રભુજી મંદિરે નવરાત્રિ મહોત્સવની અનેરી ઉજવણી

## બાળાઓને જ્ઞાતિ તરફથી સોનાની લ્હાણી

દિવાનપરામાં આવેલ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ વિશ્વકર્મા પ્રભુજી મંદિરે વિશ્વકર્મા પ્રભુજીના સાનિધ્યમાં વર્ષોથી નવરાત્રિ મહોત્સવની ઉજવણી રકવામાં આવે છે. ગત વર્ષે કોરોનાના કારણે નવરાત્રિમાં બાળાઓ ગરબે રમી શકી ન હતી. માત્ર માતાજીના ગરબા ગાઇને નવરાત્રિની સાદાઇ ભરી ઉજવણી કરવામાં આવી હતી. પરંતુ આ વર્ષે ગુજરાત સરકારે નવરાત્રિમાં શેરી ગરબા અને સોસાયટીઓમાં ૪૦૦ની મર્યાદામાં નવરાત્રિની ઉજવણીની છુટ આપી છે અને તેથી આ વર્ષે વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે નવરાત્રિ મહોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.



એક માસની પ્રેકટીસ બાદ ૫૮ જેટલી બાળાઓ ૪ ગ્રુપમાં વહેંચાઇને દરરોજ અવનવા રાસ રજુ કર્યા હતા. દરેક ગૃપની બાળાઓ એક સરખા વસ્ત્ર પરિધા અને આભુષણનો શણગાર સજીને અવનવા રાસ રજુ કર્યા હતા. જે નિહાળવા દરરોજ અલગ અલગ સંસ્થાના હોદ્દેદારો, આગેવાનો અને સમાજના લોકોએ હાજરી આપી પ્રોત્સાહન પુરૂ પાડયું હતું આ વર્ષે યુ ટયુબ પર રાસ ગરબાનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હોવાથી લોકોએ પોતાના ઘેર બેઠા નવરાત્રિ મહોત્સવ માણ્યો હતો.

ગાયક કલાકારો જયંત ગજ્જર, મીનાબેન ગજ્જર સાથે શ્રી વિશ્વકર્મા ધુન મંડળના ગાયક કલાકારો સુરેશભાઇ બદ્રકિયા, હિતેશ સંચાણીયાની સાથે ધુન મંડળના કલાકારો ભરતભાઇ, શાંતિભાઇ વડગામા, ભરતભાઇ બાવળેચા, હિંમતભાઇ બાવળેચા, ઘનશ્યામભાઇ કનોજીયા, નિખીલભાઇ સુરેલીયા વગેરેના અવનવા વાજીંત્રોના સથવારે રાસ ગરબાની બહેનોએ અનેરી રમઝટ બોલાવી હતી ત્યારે ભાવ અને ભકિતનું અનેરુ વાતાવરણ સર્જાયુ હતું.

પ્રમુખ રસીકભાઇ બદ્રકીયાના સીધા માર્ગદર્શન હેઠળ કમિટીના સભ્યોએ અલગ અલગ જવાબદારી નીભાવી આયોજન સફળ બનાવ્યું હતું.

સાઉન્ડ વ્યવસ્થા દલસુખભાઇ ખંભાયતા અને રમેશભાઇ વીસાવડીયાએ સંભાળી હતી. એનાઉન્સમેન્ટની જવાબદારી નીતિન બદ્રકિયા અને જયેશભાઇ વાલંભીયએ સંભાળી હતી.

નવરાત્રિ દરમ્યાન દરરોજ બાળાઓને પ્રસાદ-નાસ્તો અને દાતાઓ તરફથી લ્હાણી આપવામાં આવી હતી. ગુર્જર સુતાર જ્ઞાતિ તરફથી શરદ પૂર્ણિમાના દિવસે તમામ બાળાઓને સોનાની લહાણી આપવામાં આવી હતી.


ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, ટ્રસ્ટીઓ, મુકેશભાઇ ભાડેશીયા, દિનેશભાઇ ખંભાયતા, વિનયભાઇ તલસાણિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, સહમંત્રી ગોરધનભાઇ ચાંપાનેરા, કારોબારી સભ્યો હર્ષદભાઇ બકરાણિયા, કિશોરભાઇ અંબાસણા, દિલીપભાઇ પંચાસરા, શાંતિભાઇ સાંકળેચા, મિતેશભાઇ ધ્રાંગધરિયા, હરિભાઇ સીનરોજા, જનકભાઇ વડગામા, કિશોરભાઇ બોરાણીયા, કેતનભાઇ મહીધરીયા, ઘનશ્યામભાઇ દુદકીયા વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

## યુનિયન નેતા શ્રી અભિજીત રાણેને ઘેર મા અંબાજીનું સ્થાપન

મુંબઇ મહારાષ્ટ્રમાં અભિજીત રાણે કામદાર યુનિયનના મોટા નેતા છે. ધડક યુનિયનના નામથી તેઓ દ્વારા વિવિધક્ષેત્રમાં યુનિયનો ચાલે છે. ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝના હજારો કામદારોનું યુનિયનનું તેઓ નેતૃત્વ કરે છે. યુનિયન અને રાજકીય ક્ષેત્રે સારુ નામ ધરાવતા શ્રી અભિજીત રાણે સાહેબના નિવાસસ્થાને છેલ્લા ૧૦ વર્ષથી નવરાત્રિમાં અંબા માતાજીની સ્થાપના કરાય છે. મા અંબેના દર્શન કરવા તમામ ક્ષેત્રના મહારથીઓ આવે છે. ધડક કારપેન્ટર યુનિયના અધ્યક્ષ પ્રવીણ બોરાણીયાએ મા અંબાના દર્શન કરવા તેમના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી ત્યારે શ્રી અભિજીત રાણેએ શ્રી પ્રવીણભાઇ બોરાણીયાનું સન્માન કર્યું હતું.



# રાજકોટ વિશ્વકર્મા પ્રભુજી મંદિરે વિશ્વકર્મા પુજન દિનની ઉજવણી








૧૭ સપ્ટેમ્બર એટલે વિશ્વકર્મા પુજન. વિશ્વકર્મા પુજનના દિવસે સમગ્ર વિશ્વકર્મા પરિવાર અને કલા-કારીગરી અને કૌશલ્યની સાથે સૌ કોઇ સંકળાયેલા વિશ્વકર્મા દાદાનું પુજન અર્ચન કરી આ દિવસની અલગ અલગ રીતે ઉજવણી થાય છે. રાજકોટના દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે પણ વિશ્વકર્મા પુજન દિસની ભાવ-ભકિતસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વકર્મા પુજનના દિવસે દિવાનપરામાં આવેલ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ વિશ્વકમા પ્રભુજી મંદિરે સવારથી દાદાના પુજન અર્ચન માટે ભાવિકો ઉમટવા લાગ્યા હતા. રાજકોટમાં બંગાળી કારીગરો મોટા પ્રમાણમાં કામ કરી રહયા છે અને વિશ્વકર્મા પ્રભુજીને આરાધ્ય દેવ માને છે. આવા રાજકોટમાં વસવાટ કરતા બંગાળી કારીગરો પોતાના પરિવાર સાથે મંદિરે આવ્યા હતા અને વિશ્વકર્મા પ્રભુજીને ફુલહાર સાથે મીઠાઇનો પ્રસાદ ધરાવ્યો હતો બપોરના સમારે તો દાદાના દર્શન પુજન અર્ચન માટે લાંબી કતારો લાગી હતી.

સવારે વિશ્વકર્મા પુજનનો અને ધ્વજરોહણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા સહિતના કારોબારી સભ્યો અને અધ્યક્ષ મુકેશભાઇ વડગામા સહિતના ટ્રસ્ટીઓ પરિવાર સાથે પુજન અર્ચન કર્યું હતું. હથિયારોનું પણ પુજન કરવામાં આવ્યું હતું.

બપોર બાદ વિશ્વકર્મા પ્રભુજીના સાનિધ્યમાં વિશ્વકર્મા કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથામાં યજમાન તરીકે ટ્રસ્ટી મુકેશભાઇ ભાડેશીયા અને તેના પરિવારે બિરાજી પુજન અર્ચન કર્યું હતું.

જ્ઞાતિના પ્રમુખ રકસીભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપ કરગથરા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, સહમંત્રી ગોરધનભાઇ ચાંપાનેરા ઉપરાંત કારોબારી સભ્યો હર્ષદભાઇ બકરાણિયા, કિશોરભાઇ અંબાસણા, દિલીપભાઇ પંચાસરા, શાંતિલાલ સાંકડેચા, મિતેષભાઇ ધ્રાંગધરિયા, હરીભાઇ સીનરોજા, જનકભાઇ વડગામા, કિશોરભાઇ બોરાણીયા, કેતનભાઇ મહીધરીયા, ઘનશ્યામ દુદકીયા ઉપરાંત અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, ટ્રસ્ટીઓ મુકેશભાઇ ભાડેશીયા, વિનયભાઇ તલસાણિયા, દિનેશભાઇ ખંભાયતા વગેરેએ ઉપસ્થિત રહીને આયોજન સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



# મોરબીની સાક્ષી વડગામાએ જાતે બનાવેલ ઇકો ફ્રેન્ડલી ગણેશજીનું સ્થાપન

મોરબીના રવાપર રોડ પર એવન્યુ પાર્કમાં રહેતા સંદીપભાઇ વડગામાની પુત્રી સાક્ષીએ ગત વર્ષની માફક આ વર્ષે પણ ઇકો ફ્રેન્ડલી ગણપતિનું જાતે જ સર્જન કર્યું હતું. જાતે જ બનાવેલ ઇકોફ્રેન્ડલી ગણેશજીનું નિર્માણ કરી તેને સુંદર અને કલાત્મક રીતે પેઇન્ટીંગ કરીને અવનવા શણગાર સર્જીને ગણપતિનું સ્થાપન કર્યું છે. પેઇન્ટીંગના શોખની સાથે પેઇન્ટીંગના કલાસ ચલાવતી સાક્ષી વડગામાએ સર્જન કરી સ્થાપન કરેલ ગણપતિના દર્શન કરી સગા-સ્નેહીજનો અને આજુબાજુના રહેવાસીઓ ધન્યતા અનુભવી હતી.

# જામનગરમાં ગુર્જર સુતાર યુવક મંડળ દ્વારા નવરાત્રિની ઉજવણી






જામનગરમાં ગુર્જર સુતાર જ્ઞાતિ યુવક મંડળ દ્વારા કમલેશભાઇ ભારદીયા અને સાથીદારો સહકારથી ૨૦૦૪થી નવરાત્રિ મહોત્સવની ધામધુમથી ઉજવણી થાય છે. અગાઉ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે નવરાત્રિ મહોત્સવ ઉજવાતો પરંતુ વિશ્વકર્મા બાગનો જીણોદ્ધાર કરી આધુનિક ઓપ આપવામાં આવ્યો ત્યારથી એટલે કે છેલ્લા સાતેક વર્ષથી પટેલ કોલોનીમાં આવેલ વિશ્વકર્મા બાગમાં વિશ્વકર્મા મહોત્સવ વધુ ધામધમુથી ઉજવવામાં આવે છે. ગયા વર્ષે કોરોનાની મહામારીને કારણે નવરાત્રિ મહોત્સવની ઉજવણી થઇ શકી ન હતી. પરંતુ આ વર્ષે સરકારે શેરી અને સોસાયટીઓમાં ૪૦૦ની મર્યાદામાં રહીને નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવાની છુટ આપી હોવાથી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના ઉપક્રમે યુવક મંડળ દ્વારા તા. ૮ થી ૧૦ દરમ્યાન રાત્રીના ૮ થી ૧૦ વાગ્યા સુધી કોરોનાની ગાઇડલાઇનને ધ્યાનમાં રાખી નવરાત્રિ મહોત્સવની સાદાઇપૂર્વક ઉજવણી રાખવામાં આવી હતી. સામાન્ય રીતે દર વર્ષે નવરાત્રિ મહોત્સવમાં સ્પર્ધા રાખવામાં આવે છે. પરંતુ આ વર્ષે સ્પર્ધા રાખવામાં આવી ન હતી. સતત ૩૦૦ દિવસ ૩૦૦ જેટલા ભાઇ બહેનોએ રાસ-ગરબા રમીને માતાજીની આરાધના કરી હતી. ગુર્જર સુતાર યુવક મંડળના પ્રમુખ બીમલ ઘોરેચા, જ્ઞાતિના ઉપપ્રમુખ કમલેશભાઇ ભારદીયા, સભ્ય નિલેશભાઇના મુખ્ય આયોજનને પ્રમુખ રમણીકભાઇ ગોરેચા અને તેની ટીમે તેમજ ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા સહિતના ટ્રસ્ટી મંડળ અને મહિલા મંડળ વગેરેએ પણ સહકાર આપ્યો હતો.

# ગુ.સુ. જ્ઞાતિ ટ્રસ્ટ-રાજકોટ અને કન્યા છાત્રાલયના ટ્રસ્ટના એકીકરણ સામે ૨૦ અરજી

શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિના અધ્યક્ષ મુકેશભાઇ રતિભાઇ વડગામા અને ઉપાધ્યક્ષ જગદીશભાઇ મોહનભાઇ સોંડાગરે રાજકોટની સંયુકત ચેરીટી કમિશનર સમક્ષ શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ ટ્રસ્ટ અને શ્રી વિશ્વકર્મા વિદ્યા નિકેતન ટ્રસ્ટનું એકીકરણ કરવા અરજી કરી હતી. જેના અનુસંધાને સંયુકત ચેરીટી કમિશનર શ્રી પી.સી. રાવલે અખબારમાં જાહેરાત આપી અને બંને ટ્રસ્ટના એકત્રીકરણ અંગે કોઇને વાંધા રજુ કરવા હોય તો ૨૮-૯-૨૧ સુધીમાં રજુ કરવા જણાવ્યુ હતું. આના અનુસંધાને બંને ટ્રસ્ટોના એકીકરણ સામે કુલ ૪ વાંધા અરજી મળી હોવાનું ચેરીટી કમિશનરે સત્તાવાર સુત્રોએ વિશ્વકર્મા વિશ્વને જણાવ્યું હતું.

બંને સંસ્થાના એકત્રીકરણ સામે જેઓએ વાંધા રજુ કર્યા છે. તેમાં કન્યા છાત્રાલયના ટ્રસ્ટી યોગીનભાઇ મનહરભાઇ છનિયારા, શરદચંદ્ર મગનભાઇ ચંદ્રેશા અને દિપકભાઇ ત્રિકમજીભાઇ જાદવાણીએ અલગ અલગ વાંધા અરજીઓ રજુ કરી છે. જયારે ચોથી વાંધા અરજી ૧૭ અરજદારોએ સાથે કરી છે.

જે ૧૭ અરજદારોએ સંયુકત વાંધા અરજી રજુ કરી છે તેમાં (૧) અનિલભાઇ (૨) અશોકભાઇ જયંતીભાઇ અઘેરા (૩) જીજ્ઞેશ બી. સંચાણિયા (૪) પ્રકાશ તુલસીભાઇ ભારદીયા (૫) દિપક તુલસીભાઇ ભારદીયા (૬) ચેતન દિપકભાઇ ભારદીયા (૭) ગીરીશ નારણભાઇ વડગામા (૮) મુકેશભાઇ રમેશભાઇ કરગથરા (૯) દિલીપ પોપટભાઇ પિલોજપરા (૧૦) કિરીટભાઇ જોલાપરા (૧૧) પિયુષ ચુનીલાલ અઘેરા (૧૨) ચંદ્રેશાભાઇ રતિભાઇ વીસાવડીયા (૧૩) હિરેનભાઇ ડી. કલોલિયા (૧૪) પૂર્વીશભાઇ બીપીનભાઇ વડગામા (૧૫) હિતેશ મગનભાઇ દુદકીયા (૧૬) શૈલેષભાઇ પ્રભુદાસભાઇ ખંભાયતા (૧૭) શૈલેષ વૃજલાલ વેકરીયાનો સમાવેશ થાય છે.

વાંધા અરજીઓ માટે રજુ કરવા તા. ૨૮-૧૦-૨૦૨૧ નકકી કરવામાં આવી છે.

# જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા પુજન દિવસ ઉજવાયો



ગુર્જર સુતાર જ્ઞાતિમાં તા. ૧૭/૦૯/૨૦૨૧ના રોજ શ્રી વિશ્વકર્મા પૂજન દિવસ મનાવવામાં આવેલ છે ઘણા વર્ષોથી સવારે પુજા તથા હવન કરવામાં આવેલ આ વખતે સવારે ૭ થી ૮ પુજા તથા ૮ થી ૧૨ શ્રી વિશ્વકર્મા હવન કરવામાં આવેલ આ હવનમાં યજમાનપદે કમલેશભાઇ મૂળજીભાઇ ભારદીયા તથા પ્રમોદભાઇ રતીભાઇ વિશરોલીયા હવનમાં બેસેલ હતાં. આ હવન પૂર્ણ થયા બાદ ભારત દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો જન્મદિવસ હોય તેનું દીર્ઘઆયુષ્ય તથા શ્રી વિશ્વકર્મા ભગવાન તેમને મનોબળ આપે તેમજ ભારત દેશનું સુકાન સારી રીતે સંભાળે છે તેમને કોઇપણ વિઘ્ન ન આવે તેવા શ્રી વિશ્વકર્મા ભગવાનના આશીર્વાદ સાથે બપોરે ૧૨:૧૫ મિનિટ મહાઆરતી કરેલ આ કાર્યક્રમમાં પ્રભાબેન ગોરેચા, કોર્પોરેટર વોર્ડ નં. ૭ તથા સુભાષભાઇ જોષી પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનના અધ્યક્ષ સ્થાને કરેલ પ્રમુખ શ્રી રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયા, ટ્રસ્ટી અશોકભાઇ આમરણીયા, કાર્યવાહક પ્રમુખ ભરતભાઇ વડગામા, ઉપપ્રમુખ કમલેશભાઇ ભારદીયા, મંત્રી જેન્તીભાઇ પિશાવાડીયા, ખજાનચી ડો. હિમાંશુભાઇ આમરણીયા સભ્યશ્રી નિલેશભાઇ ખારેચા, કમલેશભાઇ પિશાવાડીયા, સુરેશભાઇ ભારદીયા, નરેશભાઇ વિશરોલીયા, રાજુભાઇ અંબાસણા, મહિલા પ્રમુખ કુંદનબેન આમરણીયા, ખજાનચી જાગૃતિબેન પેશાવરીયા, સભ્ય નીલાબેન ગોરેચા, મેનેજર જગદીશ અખીયાણીયા, યુવક મંડળ દિપકભાઇ ભારદીયા, જયેશ ભારદીયા, જયેશ તલસાણિયા, ચેતન વડગામા આ તમામ સભ્યો તેમજ ઘણા બધા જ્ઞાતિજનોએ આ કાર્યક્રમ સફળ બનાવવામાં જહેમત ઉઠાવેલ છે.

# જામખંભાળીયામાં નવરાત્રિની ઉજવણી






શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ ખંભાળિયા ''વિશ્વકર્મા બાગ''માં આદ્યશક્તિ માં અંબાની આરાધના પર્વ એવા નવરાત્રી મહોત્સવનું ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો અને ગરબાના તાલે નાના મોટા અને વડીલો પણ ખેલૈયાઓ બની આનંદવિભોર થઈને રમ્યા હતા. નવરાત્રી મહોત્સવ દરમ્યાન ઉપસ્થિત સૌને દરરોજ આઈસક્રીમ તેમજ અલ્પાહારની સુંદર વ્યવસ્થા જ્ઞાતિના કાર્યકરો દ્વારા કરવામાં આવી રહી છે.



# કેડ ડેસ્કનું પૂ. અપૂર્વમુનિ સ્વામીના હસ્તે મંગલ ઉદઘાટન






૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાના મવા સર્કલ પાસે આવેલ આર.કે. પ્રાઇમ ખાતેના નવા બિલ્ડીંગમાં કેડ ડેસ્કનું ઉદઘાટન તાજેતરમાં બીએપીએસ સંત નિર્દેશક પૂવ. અપૂર્વમુનિ સ્વામી, કોઠારી સ્વામી અને જ્ઞાન વત્સલ સ્વામીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. રીબીન કાપીને તેમજ દીપ પ્રાગટય દ્વારા ઉદઘાટન કર્યા બાદ પૂ. અપૂર્વમુનિ સ્વામીએ કેડ ડેસ્ક દ્વારા વધુને વધુ યુવાનો તાલીમ પામીને આગળ વધે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેઇક ઇન ઇન્ડિયા સુત્રને સાકાર કરવા કેડ ડેસ્કમાંથી તૈયાર થયેલા યુવાનો મહત્વનું પ્રદાન આપે તેવા આશીર્વાદ આપ્યા હતા.

ઉદઘાટન પ્રસંગે આવેલા પૂ. અપૂર્વમુનિ સ્વામી અને અન્ય સંતોનું કેડ ડેસ્કના સંચાલકો ભાવીન વડગામા, નિકુંજ મેંદપરા અને અશ્વિનભાઇ તેમજ મહેશભાઇ વડગામા, હાર્દિક વડગામાએ સ્વાગત કર્યા બાદ પૂ. અપૂર્વમુનિ સ્વામીએ કેડ ડેસ્કના તમામ વિભાગોમાં પુજન અર્ચન કર્યું હતુ અને સંચાલકોને ભગવાનની મૂર્તિ ભેટ આપી હતી.

રાજકોટના પ્રથમ અને સૌરાષ્ટ્રના બીજા કહી શકાય તેવા કેડ ડેસ્કનો રાજકોટમાં બે વર્ષથી પ્રારંભ થયો છે. શરૂઆત સમ્રાટ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં થયા બાદ હવે સંસ્થાનું શહેરના હાર્દ સમા વિસ્તાર કાલાવડ રોડ પર નાના મવા ચોક પાસેના ૪૦૪, આર.કે. પ્રાઇમ ખાતેની અદ્યતની ઓફીસમાં સ્થળાંતર થયું હતું.

કેડ ડેસ્કનું સંચાલન ભાવિન વડગામા, નીકુંજ મેંદપરા અને અશ્વિનભાઇ કરી રહયા છે. જેમાં ભાવીન વડગામા મીકેનીકલ ડીઝાઇન, સીએનસી, વીએમસી અને એસપીએમની ડીઝાઇનનો ૧૨ વર્ષનો અનુભવ ધરાવે છે. જયારે નિકુંજભાઇ ૭ વર્ષનો પ્રોગ્રમિંગનો અને અશ્વિનભાઇ સિવિલ અને ઇન્ટીરીયરનો ૬ વર્ષનો અનુભવ ધરાવે છે. આમ ત્રણેય સંચાલકો અનુભવી અને નિષ્ણાંત છે.

ભાવીન વડગામાએ વિશ્વકર્મા વિશ્વને જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા યુવાનોને તાલીમ આપવામાં આવે છે. એક વર્ષમાં કેડ ડેસ્કમાં ૨૦૦ જેટલા યુવાનો તાલીમ પામી ચુકયા છે. સંસ્થામાં તાલીમ પામેલ યુવાનો ડોકટરપંપ, ઇનોવેટીર મોલ્ડ, પેન્ટાગોન ફોર્જ જેવી નામાંકિત ઇન્ડસ્ટ્રીઝમાં સારા પગારથી નોકરી મેળવી ચુકયા છે.

કેડ ડેસ્ક દેશની શ્રેષ્ઠ સંસ્થા છે. જયપુરમાં તેની મુખ્ય ઓફીસ છે. અને દેશભરમાં ૧૮૦ સેન્ટરો ધરાવે છે. રાજકોટનું આ પ્રથમ સેન્ટર છે. જેનુ સંચાલન સ્કીલ ઝોન દ્વારા કરાય છે. સંસ્થામાં સીએનસી, વીએમસી, કેડ કેમ, સિવિલ, ઇન્ટીરીયર, આર્કીટેકટ વગેરેની ડીઝાઇનીંગની તાલીમ આપે છે.

ઉદઘાટન પ્રસંગે ગુર્જર ઇન્ડ. બેંકના પ્રમુખ મહેશભાઇ વડગામા, ચંદન વુડનવાળા, જયંતીભાઇ તલસાણિયા તથા નટુભાઇ ભારદીયા ઉપરાંત સમાજના આગેવાનો, ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહયા હતા.

## વિશ્વકર્મા વિશ્વ

### ગ્રાહક માટે ખાસ

વિશ્વકર્મા વિશ્વના સપ્ટેમ્બરના અંકમાં અમે ઓકટોબર–નવેમ્બરનો સંયુકત અંક દિપોત્સવી વિશેષાંક તરીકે પ્રગટ કરવાની જાહેરાત કરી હતી. પરંતુ સંયુકત અંક પોસ્ટીંગ કરવાની મંજૂરી નહી મળતા સંયુકતને બદલે ઓકટોબરનો આ અંક યુદ્ધના ધોરણે તૈયાર કરી પ્રસિદ્ધ કરાયો છે. આવતો અંક એટલે કે નવેમ્બરનો અંક રાબેતા મુજબ પ્રસિદ્ધ કરવામાં આવશે જેની ગ્રાહકોએ નોંધ લેવી.

# સુરતમાં વિશ્વકર્મા પુજન દિવસ સાથે વિશ્વ સર્જનહાર સંગઠન સ્થાપના દિનની ઉજવણી

## દાદાએ શસ્ત્ર અને શાસ્ત્ર બંને આપ્યા છે : દિનેશ ગજજર






સુરતમાં સમાજના સર્વાંગી વિકાસ માટે કાર્યરત વિશ્વ સર્જનહાર સંગઠનના ૪થા સ્થાપના દિન ૧૭ સપ્ટેમ્બરે વિશ્વકર્મા પુજન દિવસ પણ હતો. આ સુંદર અવસરે વિશ્વ સર્જનહાર સંગઠન દ્વારા સુરતના પાસોદરા વેડીંગ પોઇન્ટ ફાર્મ હાઉસ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં બ્લડ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ જેટલા રકતદાઓએ રકતદાન કર્યું હતુ.

સવારે સાડા આઠે વિશ્વકર્મા પુજન દિવસ નિમિત્તે દાદાનું પુજન અર્ચન કરવામાં આવ્યા બાદ સરદાર વલ્લભભાઇ પટેલ બ્લડ બેંકના સહયોગથી રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત સુરેન્દ્રનગરના શ્રી દિનેશભાઇ ગજજરે વિશ્વકર્મા ગાથા રજુ કરી હતી. તેમણે વિશ્વકર્મા ગાથા રજુ કરતા કહયુ હતું કે આપણે સર્જનહારના સંતાન છીએ. આપણે કાપવાનું જાણીએ, આપણે માપવાનું જાણીએ, આપણે જોડવાનું જાણીએ છીએ. આ સૃષ્ટિમાં આપણી ભૂમિકા અહમ છે. પણ આપણામાં બિલકુલ અહમ નથી.

દિનેશ ગજજરે વધુમાં કહયુ કે આપણા દાદાની ગૌરવ ગાથા જાણીએ ત્યારે આપણને વિશ્વકર્મા વંશજ હોવાનું ગૌરવ થાય. દાદા આશીર્વાદ આપતા હોય એવો કોઇ ફોટો નથી. દાદા કર્મનું જ્ઞાન આપે છે. દાદા કર્મના ઓજાર આપે છે. દાદા વિશ્વકર્મા છે, વિશ્વકર્તા છે. દાદાના અલગ અલગ ૧૦ અવતારો છે. જેને જાણવા જરૂરી છે. દાદાએ શસ્ત્ર અને શાસ્ત્ર બંને આપ્યા છે. દાદાએ ૬૪ કલાનું જ્ઞાન આપ્યું છે. આ ગૌરવવંતા ઇતિહાસના આપણે વારસદાર છીએ. જેનું આપણને ગૌરવ છે.

આ પ્રસંગે સમાજના આગેવાનો, દાતાઓ અતિથિનું સન્માન પણ કરાયું હતુ. પૂર્વ ધારાસભ્ય પ્રફુલભાઇ પાનસુરીયા, કોર્પોરેટર કનુભાઇ ગેડીયા, શહેર ભાજપ મંત્રી દેવીકાબેન જાદવાણી, સબ ઝોનલ ઓફીસર કેતનભાઇ પંચાલ, દિનેશભાઇ ગજજર, નરેન્દ્ર મોદી વિચાર મંચ સુરત જીલ્લા પ્રમુખ જયેશભાઇ પટેલ, સમાજના પ્રમુખો આગેવાનો, દાતાઓ વગેરેના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ વિશ્વ સર્જનહાર સંગઠન દ્વારા તમામ મહાનુભાવોનું સન્માનપત્ર આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે દિકરીયુએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો.

આ પ્રસંગે પ્રફુલભાઇ પાનસુરીયાએ સમાજ અને સમાજની દીકરીયુની જાગૃતતા અંગે ઉદબોધન કર્યું હતું.

વિશ્વ સર્જનહાર સંગઠનની સુંદર પ્રવૃત્તિઓ માટે નરેન્દ્ર મોદી વિચાર મંચના જયેશ પટેલે વિશ્વ સર્જનહાર સંગઠનને સન્માન પત્ર આપ્યું હતું. બ્લડ બેંક અને દિનેશભાઇ ગજજરે પણ સંસ્થાને સન્માનપત્ર અને ટ્રોફી આપી સન્માન કર્યું હતું.

વિશ્વ સર્જનહાર સંગઠનના અધ્યક્ષ વિજયભાઇ ગુંદેચા, પ્રમુખ દિપકભાઇ દેવળીયા, મંત્રી દિનેશભાઇ માંડવીયા, ઉપપ્રમુખ જયંતીભાઇ પીઠવા, સહમંત્રી પરેશભાઇ જાદવાણી, ખજાનચી બીનીતાબેન દેવળીયા તથા તમામ ટ્રસ્ટીઓએ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

**અહેવાલ : દિપકભાઇ દેવળીયા**

## રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય શાખા આયોજીત તથા

# શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટના સહયોગી કોવીડ-૧૯ રસીકરણ મહાઅભિયાન





દેશના માનવીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના ૭૧માં જન્મદિવસના શુભ અવસરે તથા ગુર્જર સુતાર જ્ઞાતિના ઇષ્ટદેવ શ્રી વિશ્વકર્મા દાદાના પુજન દિવસને અનુલક્ષીને તા. ૧૭/૦૯/૨૦૨૧ને શુક્રવારના દિવસે રાજકોટ મ્યુ. કોર્પોરેશન આરોગ્ય શાખા આયોજીત અને શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટ દ્વારા સવારના ૮.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ સુધી જ્ઞાતિજનો તથા શહેરીજનો માટે વિનામુલ્યે રસીકરણનો પ્રથમ અને બીજો ડોઝ આપવા માટેનો કેમ્પ યોજવામાં આવેલ. આ પ્રસંગે શરૂઆતમાં વિશ્વકર્મા દાદાનું પુજન અને દીપ પ્રાગટય કરી વેકશીનેશન કેમ્પનો શુભારંભ કરવામાં આવેલ. રાજકોટ મ્યુ. કોર્પોરેશનના કમિશનર શ્રી અમિત અરોરા સાહેબ તથા મેયર શ્રી ડો. પ્રદીપભાઇ ડવ તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલ સાથે સંસ્થાના અધ્યક્ષ અરવિંદભાઇ ગજજર તથા માનદમંત્રી રમણીકભાઇ પાટણવાડીયાને થયેલ સંકલન મુજબ ગુર્જર સુતાર પ્રગતિ મંડળ મુકામે કોવીડ-૧૯ની ફ્રી વેકસીનેશનનો કેમ્પ તા. ૧૭/૦૯/૨૦૨૧ના રોજ યોજાયેલ જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો તથા શહેરીજનો ફ્રી વેકશીનનો લાભ લીધેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ શ્રી અરવિંદભાઇ ગજજર(સોંડાગર), ઉપાધ્યક્ષ મથુરભાઇ પાટણવાડીયા તથા ટ્રસ્ટીઓ જગદીશભાઇ સોંડાગર, રસીકભાઇ વાઘસણા, ગોરધનભાઇ ચાંપાનેરા, મહેન્દ્રભાઇ ઝીંઝુવાડીયા, રમેશભાઇ ગંગાજળીયા તથા પ્રમુખશ્રી કિશોરભાઇ બકરાણિયા, ઉપપ્રમુખશ્રી ભરતભાઇ ઉછડીયા, મંત્રી રમણીકભાઇ પાટણવાડીયા, ખજાનચી વિમલભાઇ સોંડાગર તથા કારોબારી સમિતિના સભ્યો પ્રફુલભાઇ કરશાળા, સુરેશભાઇ સોંડાગર, શૈલેષભાઇ માંડવીયા, જીતેન્દ્રભાઇ ધારૈયા, રમેશભાઇ સોનીગરા, કમલેશભાઇ સાપરા, નીતિનભાઇ ચંદવાણીયા, ગોપાલભાઇ ખંભાયતા તથા સલાહકાર સમિતિના અરવિંદભાઇ ગંગાજળીયા, કિશોરભાઇ સોંડાગર તથા ભરતભાઇ ખારેચા વિગેરેએ ટુંકા સમયમાં સુંદર વ્યવસ્થા ગોઠવી જ્ઞાતિજનો તથા શહેરીજનોને વિશેષ સુવિધા પુરી પાડેલ હતી. નારાયણ નગર આરોગ્ય કેન્દ્રના શ્રી ભાવિનીબેન, પારસબેન તથા જયદીપભાઇએ વેકસીન આપવાની કામગીરી સંભાળેલ હતી.

## કોરોનાને કારણે ચૂંટણી શકય ન હોવાથી

# મુંબઇ વિશ્વકર્મા બાગની ટ્રસ્ટીઓની મુદ્દતમાં ૬ મહિનાનો વધારો

## ચેરીટી કમિશનરે મંજૂરી પણ આપી : જયંતભાઇ જોલાપરા



દેશના સૌપ્રથમ કહી શકાય તેવા મુંબઇના વિશ્વકર્મા બાગનો હાલની ટ્રસ્ટ કમિટીની મુદ્દતમાં ૬ મહિનાની મુદ્દત વધારવામાં આવી છે, કોરોનાની પરિસ્થિતિમાં વિશ્વકર્મા બાગની ચૂંટણી શકય ન હોવાથી ચેરીટી કમિશનરે હાલના ટ્રસ્ટ કમિટીની મુદ્દતમાં વધારો કરવા મંજૂરી પણ આપી છે. તેમ વિશ્વકર્મા બાગના ટ્રસ્ટ કમિટીના પ્રમુખ શ્રી જયંતભાઇ જોલાપરાએ વિશ્વકર્મા વિશ્વ ન્યુઝ ટુડે સાથેની ટેલીફોનીક મુલાકાતમાં જણાવ્યું હતું. જયંતભાઇ જોલાપરાએ વિશેષમાં કહયું હતું કે થોડા સમય પહેલા મુંબઇ વિશ્વકર્મા બાગના હાલના ટ્રસ્ટી મંડળે મીટીંગ બોલાવી હતી અને તેમાં ૨૨ જેટલા મહાનુભાવો સાથે ચૂંટણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને પરિસ્થિતિની વિસ્તૃત ચર્ચા કરાઇ હતી. ત્યારબાદ સર્વાનુમતે હાલની ટ્રસ્ટ કમિટીની મુદ્દત વધારવાનો નિર્ણય કરાયો હતો. આ અંગે ચેરીટી કમિશનર પાસે લેખતી રજૂઆત કરતા ચેરીટી કમિશનરે ૧ વર્ષ સુધી મુદ્દત વધારી શકાય તેમ અભિપ્રાય આપ્યો હતો. મુંબઇ વિશ્વકર્મા બાગના ટ્રસ્ટીઓની સામાન્ય રીતે ઓકટોબરમાં ચૂંટણી યોજાતી હોય અને નવેમ્બરની આસપાસ નવુ ટ્રસ્ટી મંડળ હોદ્દા સંભાળી લેતુ હોય છે. આ વર્ષે કોરોનાને કારણે શકય બન્યું નથી.

# સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથફોરમ નવાવાડજ, અમદાવાદમાં વિશ્વકર્મા પુજન દિન ઉજવાયો








૧૭મી સપ્ટેમ્બર સમગ્ર આવામ માટે અને વિશેષ કરીન કલામાહિર-હુન્નરી સમુદાય માટે આ દિન અતિમહત્વનો અને ઉદ્બોદક દિન છે. આ પવિત્ર અને ધર્મમય અવસર છે. સ્થાપત્યવિદ, બ્રહમાંડ નિર્માતા સ્વયંભૂ શ્રી વિશ્વકર્મા દાદાને નમન, વંદન અને પુજાનો શ્રેષ્ઠત્તમ અને અલૌકિક દિન તરીકે અંકિત કરવામાં આવેલ છે. શ્રી દાદાને સ્થાપત્યવેદ એટલે કે વિજ્ઞાન અને યંત્રવિદ્યાના પૂર્ણ દેવ તરીકે સિદ્ધ અને પ્રમાણિત કરવામાં આવેલ છે. ઉદ્યમી, કલામાહિર અને હુન્નરી વર્ગને કલાકારીગીરી અને હુન્નરનો વારસોએ દાદાની દેન અને વરદાન છે. તેથી સહજ છે કે આ વર્ગ શ્રી દાદા તથા તેમના આત્મજા માં રાંદલમાં અણખૂટ શ્રદ્ધા, આસ્થા અને વિશ્રંભ ધરાવે છે. પૂજા શ્રી હિરાભાઇ સોલગામા તથા તેમના ધર્મપત્ની કુંદનબેનના હસ્તકમળથી થઇ. પુજાના વિધિકર્મ કરનાર પંડિતના મંત્રોચ્ચારથી માહોલ અલૌકિક બની ગયો હતો. આ સાથે દાદાનો પુનિત દિન અને એમાંય આપણા લોકહૃદય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીનો અવતરણ દિન યુવા પાંખમાં ઉજવણીનો જુસ્સો અને ઝનુન અકલ્પનીય હતુ. આ યુવાવર્ગ ગરબા અને રાસની રમઝટ બોલાવી હતી. શિસ્તબદ્ધ, લયબદ્ધ અને સુરસંગાથે ભાતીગળ ગરબાથી આ પરિસરમાં અનોખુ દ્રશ્યપટલ સર્જીત કરી દીધેલ. શ્રી દાદા તથા માં રાંદલની આરાધ્ય આરતી પુરી શ્રદ્ધા અને વિશ્રંભથી કરવામાં આવી. સારોય સમુદાય પદવીબલ સ્થિતિમાં શ્રી દાદા તથા માંને ચરણ શરણ રહયા હતા. ત્યારબાદ આ ઉત્કૃષ્ટ દિને સૌના હૃદયસ્થ લોકલાડીલા અને ઉત્તમ વહીવટકર્તા આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો અસ્યપુંજ અવતરણ(જન્મદિવસ) દિન હતો, તો તેમને ઉપહારરૂપે અર્પણ કરેલા કાર્યો માટે અભિનંદિત કર્યા. (૧) વાય.કે. પટેલ-મ્યુ. કાઉન્સીલર (૨) શ્રી વિજયભાઇ પંચાલ-મ્યુ. કાઉન્સીલર (૩) શ્રી બળદેવભાઇ દેસાઇ-ઉપપ્રમુખ બક્ષીપંચ મોરચો-બીજેપી-અમદાવાદ (૪) શ્રી કે.ટી. પુરોહિત-પ્રમુખ વાડજ વોર્ડ. આ આદરણીય અતિથિઓએ ઉજવણીમાં ઉર્જા અને પ્રેરણા પુરી પાડી હતી. એ ઉપરાંત શ્રી યુવક સંઘના પ્રફુલભાઇ સુરેલિયા, શ્રી સુરેશભાઇ ઇસલાણિયા અને ખજાનચી શ્રી ધર્મેન્દ્રભાઇ જોલાપરા, શ્રી વિશ્વકર્મા બાગના પ્રમુખશ્રી હસમુખભાઇ શંખલપરા, મંત્રી શ્રી વિનોદભાઇ મહિધરિયા સૌએ હાજર રહી અને સમાજની સહૃદયતા પ્રગટ કરી. મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છોથી સુસ્વાગતમ કરવામાં આવ્યું. પ્રારંભે સંસ્થાના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયાએ શબ્દશૃંગારથી સૌને આવકારી શ્રી દાદાના પુજા દિનનું મહાત્યમનું વિવરણ કર્યું. અને સમગ્ર સમાજ વતી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ અણખૂટ શુભેચ્છાઓ પાઠવી. શ્રી વિજયભાઇ પંચાલે (કાઉન્સીલર) શ્રી નરેન્દ્રભાઇ મોદીની વધુ મજબુતાઇ તથા દીર્ઘ આયુ માટે શ્રી દાદાને અભિયાચના કરી. શ્રી વાય.કે. પટેલ (કાઉન્સીલર) સૌને પુજા દિને શુભકામનાઓ પાઠવી અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના દેશના વિકાસ અર્થે સખ્ત પરિશ્રમની સરાહના કરી અને કોરોના રસીકરણના આંકડાઓ રજુ કરી સૌને રસીકરણ કરાવી લેવા અનુરોધ કર્યો.

**(અહેવાલ : શ્રી શાંતિભાઇ આર. ખોડદિયા, અમદાવાદ. ફોન : ૯૭૨૫૦ ૬૬૩૦૪)**

# આકૃતિ પિલોજપરા પાંચ વર્ષથી ઈકો ફ્રેન્ડલી ગણેશનું સ્થાપન કરે છે






કલા-પેઇન્ટીંગ ક્ષેત્રે આગવું નામ એટલે આકૃતિ અનિલભાઇ પિલોજપરા. આકૃતિ છેલ્લા પાંચ વર્ષથી ઈકો ફ્રેન્ડલી ગણપતિ બનાવી તેનું ગણેશ ચતુર્થીએ સ્થાપન કરે છે. આ વર્ષે પણ આકૃતિએ નાનામવા મેઇન રોડ વિસ્તારમાં આવેલ ૪-તિરૂપતિ પાર્ક ખાતેના પોતાના નિવાસસ્થાને જ ઈકોફ્રેન્ડલી ગણેશજીનું સ્થાપન કર્યું હતું. અવનવા શણગાર સર્જીને સુંદર-કલાત્મક ગણેશજીના દર્શન-આરતી કરીને સૌ ધન્યતા અનુભવે હતી. આકૃતિ કહે છે, ઈકો ફ્રેન્ડલી ગણપતિનું વિસર્જન પણ પોતાના ઘરમાં કરું છું. વિસર્જન બાદ માટીનો ફરી ઉપયોગ ફુલ-છોડ માટે વાપરૂ છું. આવા ઈકોફ્રેન્ડલી ગણેશ પર્યાવરણ માટે ખુબ જરૂરી છે.

# રાજકોટની કન્યા છાત્રાલયમાં ઉજવાયો ૫ દિવસનો ગણેશ મહોત્સવ






ગણેશ મહોત્સવની ધામધુમથી ઉજવણી થઇ. સાર્વજનિક ગણેશ મહોત્સવની સાથે અનેક પરિવારો પોતાને ઘરે જ ગણપતિનું સ્થાપન કર્યું હતું. રાજકોટના ગોંડલ રોડ પર આવેલ શ્રી ગુર્જર સુતાર કન્યા છાત્રાલયમાં રહેતી અલગ અલગ શહેરની વિદ્યાર્થીનીઓ પર કન્યા છાત્રાલયને પોતીકુ ઘર ગણીને કન્યા છાત્રાલયમાં ગણપતિનું સ્થાપન કર્યું હતું. કોરોનાના વર્ષોને બાદ કરતા દરેક વર્ષે કન્યા છાત્રાલયમાં પ્રતિ વર્ષ ગણપતિની ઉજવણી થતી જ રહી છે. કોરોના બાદ કન્યા છાત્રાલય ધમધમતી થયા બાદ આ વર્ષે પણ કન્યા છાત્રાલયમાં ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી. ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યા બાદ ૫ દિવસ સુધી કન્યા છાત્રાલયની દીકરીયુએ સવારે અને સાંજે પુજા અર્ચન આરતી કર્યા અને મંગળવારે તમામ વિદ્યાર્થીઓએ આજી ડેમ જઇને ગણેશનું વિસર્જન કર્યું હતું. કન્યા છાત્રાલયના ગૃહમાતા રૂસાબેન ગજજર પણ ગણપતિ વિસર્જનમાં સાથે રહયા હતા. પાંચ દિવસ ગણપતિ ઘરમાં રહયા બાદ વિસર્જનની વેળામાં સૌ બહેનો ગમગીન બની હતી.

# જામનગર : ભરત વડગામાએ ઈકોફ્રેન્ડલી ગણેશનું સ્થાપન કર્યું







હવે ઇકો ફ્રેન્ડલી ગણપતિ જાતે જ બનાવી તેની સ્થાપવા અનેક લોકો કરવા લાગ્યા છે. જામનગરમાં રીલાયન્સમાં ફરજ બજાવતા ભરતભાઇ જે. વડગામાએ પણ જામનગર ખાતેના ન્યુ. આરામ કોલોનીમાં મયુરદ્વાર એપાર્ટમેન્ટમાં પોતાના ઘેર ઇકોફ્રેડલી ગણેશજીનું સ્થાપન કર્યું હતું. ગત વર્ષની માફક આ વર્ષે જ ભરતભાઇના પુત્ર અક્ષીત વડગામાએ માટી લાવી પોતાની જાતે જ ઇકો ફ્રેન્ડલી ગણપતિ બનાવી તેનું સ્થાપન કર્યું હતું. અક્ષીત કહે છે, જાતે ગણપતિ બનાવવામાં અનેરો ઉત્સાહ અને આનંદ આવે છે. ગત વર્ષે જાતે બનાવવામાં પડેલ મુશ્કેલી ન પડી. ગણેશજી બનાવવા ગુલાલ, તાવડીની મેશ, હળદર, કંકુ અને વોટર કલર જેવા ઘરગથ્થુ કલરનો જ ઉપયોગ કર્યો અને ચણોઠી, નાના મોટા ડાયમંડ આભલા સતારા વગેરેથી ગણેશજીનું સુશોભન કર્યું છે. આવા ઇકોફ્રેન્ડલી ગણેશનું ઘેર જ વિસર્જન કરી શકાય છે. આવતા વર્ષે સૌએ ઇકો ફ્રેન્ડલી ગણેશ જ બનાવવા અક્ષીતે જણાવ્યું છે.

# અમદાવાદ-નરોડાના પ્રમોદચંદ્ર સુથારને ત્યાં ૭ વર્ષથી ઉજવાતો ગણેશ મહોત્સવ



ગણેશ મહોત્સવની અમદાવાદમાં ભાવ-ભકિતના વાતાવરણમાં ગણેશ મહોત્સવની ધામધુમથી ઉજવણી થાય છે. અલગ અલગ વિસ્તારમાં ઉજવાતા સાર્વજનીક ગણેશ મહોત્સવની સાથે પારીવારીક ગણેશ મહોત્સવની ઉજવણી પણ લોકો હોંશભેર ઉજવે છે. નરોડામાં રહેતા પ્રમોદચંદ્ર સુથારને ઘેર પણ છેલ્લા ૭ વર્ષથી ગણેશ સ્થાપન કરી ગણેશ ઉત્સવ ઉજવે છે. ઉર્મીલાબેન પ્રમોદચંદ્ર સુથાર ભાવથી ઇકોફ્રેન્ડલી ગણપતિ લાવે છે. તેમની ફેશન ડીઝાઇનર પુત્રી માનસી સુથાર ગણેશજીને અવનવા શણગાર સર્જે છે. અને ગણેશજીનું સ્થાપન થાય છે. સગા-સ્નેહીજનો અને આડોશ-પાડોશના લોકો દરરોજ દર્શન-આરતીનો લહાવો લે છે.

# ડીમ્પલ સાંકડેચાએ ઈકો ફ્રેન્ડલી ગણેશ બનાવી ગણેશ ઉત્સવ ઉજવ્યો



ગણપતિ મહોત્સવની ધામધુમથી ઉજવણી થઇ, ગણેશ મહોત્સવમાં હવે જાતે જ ઇકોફ્રેન્ડલી ગણપતિ બનાવી તેનુ સ્થાપન કરવાનું વધતુ જાય છે. ગોંડલ રોડ પર શિવનગરમાં પ્રથમ એપાર્ટમેન્ટમાં રહેતા રાજેશભાઇ સાંકેચ્યાના ઘરે વર્ષથી ગણેશોત્સવ ઉજવાય છે. ડીમ્પલ રાજેશભાઇ સાંકેચ્યા અને તેના ભાઇ ક્રિશને આ વર્ષે પણ માટીના ઇકોફ્રેન્ડલી ગણપતિ બનાવી જાતે જ સ્થાપન કર્યું હતું. સી.એ.ના બીજા ગ્રુપમાં અભ્યાસ કરી ડીમ્પલે ગણપતિને સુંદર શણગાર કર્યા હતા. દરરોજ સવાર સાંજ પુજન થતું સગા-સ્નેહીજનો અને આજુબાજુના લોકોએ દર્શન આરતીનો લાભ લીધો હતો.

# માધાપરમાં વિદ્યા ગજજરે ઈકો ફ્રેન્ડલી ગણેશનું સ્થાપન કર્યું



રાજકોટના માધાપરમાં આવેલ વૃંદાવન સોસાયટી-૩માં રહેતા વિદ્યાબેન નરેશભાઇ મહીધરીયા (ગજજર)એ સતત ચોથા વર્ષે પોતાની જાતે જ ઇકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવી પોતાના ઘેર ગણપતિનું સ્થાપન કર્યું હતું. વિદ્યા ગજજર કહે છે, કુંડાની માટી, ગુંદ, મુલતાની, માટી વગેરેનો ઉપયોગ આ ઇકો ફ્રેન્ડલી ગણેશજી બનાવવામાં કર્યો છે. કાળી માટીના ગણેશ બનાવી ઘરમાં હેલી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી શણગાર સજર્યો હતો. સવાર-સાંજ આરતી પુજન દર્શનનો લાભ લેવા આજુબાજુ વાળા તેમજ સગા-સ્નેહીજનો ઉમટયા હતા.

## આદર્શ યુવા ગ્રુપ સંચાલિત

# શ્રી લુહાર હિતેચ્છુ મંડળની નવી ટીમે ચાર્જ લેતા જ પોતાનુ હીર ઝળકાવ્યું

**શીયાણીનગરની વાડીનું ભાડુ ઘટાડી ૧૧,૦૦૦માંથી ૬,૦૦૦ કર્યું : કેવડાવાડી વિભાગની વાડીનું ભાડુ ૬,૦૦૦માંથી ઘટાડી ૩,૫૦૦ કર્યું : અન્ય સમાજ માટે પ્રેરણારૂપ ઘટના થઇ સાકાર**

● પ્રવીણ ગજ્જર


રાજુભાઇ સિદ્ધપુરા


મનોજભાઇ મકવાણા


જગદીશભાઇ મકવાણા


કમલેશભાઇ સિદ્ધપુરા


રાજુભાઇ હરસોરા


પરેશભાઇ પરમાર


ચંદ્રકાંતભાઇ ડોડીયા


દિપકભાઇ જીલકા


આનંદભાઇ પરમાર


મનસુખભાઇ ડોડીયા


પ્રવીણભાઇ સિદ્ધપુરા


રાજુભાઇ ચૌહાણ


અશ્વિનભાઇ સિદ્ધપુરા


ભરતભાઇ પીઠવા


જયેશભાઇ કારેલીયા

રાજકોટના શ્રી લુહાર હિતેચ્છુ મંડળની ચૂંટણીમાં આદર્શ યુવા ગ્રુપ ઝળહળતો વિજય મેળવ્યા બાદ વડીલશ્રી જયંતીભાઇ પરમાર, ઉપપ્રમુખ જગદીશભાઇ જી. મકવાણા, ખજાનચી કમલેશભાઇ બી. સિદ્ધપુરા (મહાજન) તથા ૧૫ કમિટી મેમ્બરે સાથે વિચાર વિમર્શ કરી વાડીના ભાડા ઘટાડવા નિર્ણય કર્યો. આમ સંસ્થાની બંને વાડીઓના ભાડામાં ધરખમ ઘટાડો કરીને લુહાર સમાજના જરૂરીયાતવાળા અને મધ્યમ વર્ગના લોકો નાના બજેટમાં પોતાના માંગલિક પ્રસંગો ઉજવી શકે તે માટેનો માર્ગ મોકળો કરી આપ્યો છે. સંસ્થાની શીયાણીનગરમાં આવેલ વાડીનું એક યુનિટનું ભાડુ અગિયાર હજાર હતું. તેમાં પાંચ હજારનો ધરખમ ઘટાડો કરી નાખ્યો છે. હવે વાડીનું ભાડુ માત્ર છ હજાર જ રહેશે. જયારે સંસ્થાની કેવડાવાડીમાં આવેલ વાડીનું ભાડુ જે અત્યાર સુધી છ હજાર લેવાતુ હતુ તેમાં ૨૫૦૦ રૂ.નો ઘટાડો કરી વાડીનું ભાડુ માત્ર ૩૫૦૦ રૂ. જ કરી નાખવામાં આવ્યું છે. નવી આવેલ ટીમે ચૂંટણીમાં વાડીના ભાડા ઘટાડી સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને પરવડે તેટલું રાખવાનું વચન આપ્યું હતું. આ વચન નવી આવેલ આદર્શ યુવા ગ્રુપ સંચાલીત સંસ્થા લુહાર હિતેચ્છુ મંડળની ટીમે સતાગ્રહણ કરવાની સાથે જ ચૂંટણીમાં આપેલ વચન વહીવટ સંભાળતાની સાથે જ નીભાવી અને સમાજમાં એક નવો ચીલો ચાતર્યો છે અને સમાજમાં પરિવર્તનનો અનેરો પવન ફુંકાયો છે.

૨૦૦૨માં લુહાર હિતેચ્છુ મંડળની સ્થાપના કરવામાં આવી ત્યારથી ભુપતભાઇ ડોડીયા અને તેની ટીમ વહીવટ સંભાળતી હતી. બાદમાં સાચી રીતે કહી શકાય તેવી ચૂંટણી થઇ જ ન હતી. વાડીના ભાડા વગેરેમાં દિનપ્રતિદિન વધારો થતો રહયો.

સમાજમાં આ અંગે ભારે અસંતોષ હતો. આવી પરિસ્થિતિમાં કાયદેસરની ચૂંટણી યોજવાની ફરજ પડી. ચૂંટણીમાં ભુપતભાઇ ડોડીયા પોતે ચૂંટણી ન લડયા પણ તેમની પેનલને ચૂંટણી લડવા ઉભી રાખી તેની સામે સમાજનું હિત જેને હૈયામાં હતુ. અને સમાજમાં નાના જરૂરીયાતવાળા લોકોની સાથે સદાય ઉભી રહેતી એવી સંસ્થા આદર્શ યુવા ગ્રુપના ૧૫ ચુનંદા આગેવાનોએ પેનલ બનાવી અને ચૂંટણીમાં ઝંપલાવ્યું. ચૂંટણીમાં આદર્શ યુવા ગ્રુપની પેનલે ઝળહળતો વિજય મેળવ્યો અને સમાજમાં અગાઉ કદી ન ફુંકાયો હોય તેવો પરિવર્તનનો પવન ફુંકી અને સમાજમાં એક નવો વિશ્વાસ ઉભો કરી દીધો છે.

લુહાર હિતેચ્છુ મંડળમાં નવી આવેલ આદર્શ યુવા ગ્રુપમાંથી જે હોદ્દેદારો અને તેની ટીમ પસંદ થઇ છે. તે તમામ સુખી સંપન્ન માણસો છે અને સમાજ માટે તન-મન-ધનથી સમાજના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતન કરતા રહયા છે અને કાર્ય કરતા રહ્યા છે.

શ્રી લુહાર હિતેચ્છુ મંડળના નવા પ્રમુખ શ્રી રાજુભાઇ લીલાધરભાઇ સિદ્ધપુરા મુળ બાબરાના છે અને અટીકામાં રાજેશ મશીન ટુલ્સના નામથી મોટુ ઔદ્યોગિક એકમ ધરાવે છે.

ઉપપ્રમુખ બનેલા જગદીશભાઇ ગીરધરભાઇ મકવાણા રાજકોટ મહાનગર પાલિકાના કોન્ટ્રાકટર છે. કોન્ટ્રેકટર ક્ષેત્રે તેઓ સારી નામના ધરાવે છે.

ખજાનચી બનેલા કમલેશભાઇ બાવચંદભાઇ સિદ્ધપુરા જેને લોકો મહાજન તરીકે ઓળખે છે. સમાજ ક્ષેત્રે વર્ષોથી કાર્યરત એવા કમલેશભાઇ દિવાનપરામાં આવેલ ૪ માળના વિશાળ કોમ્પ્લેક્ષમાં શ્રી નાથજી હોટલ ઉપરાંત આર.બી. લાઇટ સ્ટાઇલનો શો રૂમ ધરાવે છે. આ ઉપરાંત સોનીબજારમાં સિદ્ધપુરા ચેઇન ઉપરાંત ચાર સ્ટોર ધરાવે છે.

બીજા ખજાનચી જયેશભાઇ નાથાભાઇ કારેલીયા જવેલર્સના મોટા બીઝનેશ મેન છે અને સોની બજારમાં એચ.એમ. જવેલર્સના નામથી શોરૂમ ધરાવે છે.

મંત્રી તરીકે રાજુભાઇ દયાળજીભાઇ હાસોરાને પસંદ કરવામાં આવ્યા છે રાજુભાઇ મોટા ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ છે અને મેટોડામાં જયશ્રી મશીનના નામથી મોટું ઔદ્યોગીક એકમ ધરાવે છે.

જયારે સહમંત્રી પરેશભાઇ દુર્લભજીભાઇ પરમાર પણ મોટા ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ છે. અને આજી ડેમ પાસે આવેલ જીઆઇડીસીમાં એમ.ટેક બેરીંગ નામની ઇન્ડસ્ટ્રીઝ ચલાવે છે.

સંસ્થાના વડીલશ્રી મનોજભાઇ ગોરધનભાઇ મકવાણા તેજુરીવાળા તરીકે જાણીતા છે અને તેજુરી બનાવવાનું ઔદ્યોગિક એકમ ધરાવે છે.

સંસ્થાના બીજા વડીલ મનસુખભાઇ પરષોતમભાઇ ડોડીયા જાણીતા કોન્ટ્રાકટર છે.

# શીયાણીનગર વાડી કારોબારી

સંસ્થાની શ્રી શિયાણીનગર વાડીના સંચાલન માટે જે કારોબારી બનાવાઇ છે. તેમાં ઉપપ્રમુખો તરીકે શ્રી જગદીશભાઇ ગીરધરભાઇ મકવાણા, પ્રવીણભાઇ પરષોતમભાઇ સિદ્ધપુરા, રાજુભાઇ કાંતિભાઇ ચૌહાણ અને અશ્વિનભાઇ મોહનભાઇ સિદ્ધપુરાનો સમાવેશ થાય છે. જયારે સભ્યો તરીકે સુરેશભાઇ માવજીભાઇ પરમાર, મનસુખભાઇ પોપટભાઇ પરમાર અને જતીનભાઇ ત્રિભોવનભાઇ સિદ્ધપુરાનો સમાવેશ કરાયો છે.

# કેવડાવાડી વિભાગ અને આદર્શ સમુહલગ્ન કારોબારી

સંસ્થાની કેવડાવાડીમાં આવેલ વાડી અને આદર્શ સમુહ લગ્ન માટે કારોબારી નક્કી કરવામાં આવી છે. જેમાં સંસ્થાના વડીલ તરીકે મનોજભાઇ ગીરધરભાઇ મકવાણા, દિપકભાઇ મુળજીભાઇ જીલકા, ચંદ્રકાંતભાઇ બાબુભાઇ ડોડીયા, એડવોકેટ આનંદભાઇ ગુણવંતભાઇ પરમાર અને ભરતભાઇ ભોગીભાઇ પીડવાનો સમાવેશ થાય છે.

જયારે સભ્યો તરીકે દિલીપભાઇ મોહનભાઇ સિદ્ધપુરા, જયેશભાઇ નાગજીભાઇ ચુડાસમા, વિનોદભાઇ વલ્લભભાઇ દાવડા, હાર્દિક ભીખાભાઇ સિદ્ધપુરા અને દિલીપભાઇ મનસુખભાઇ વાળાનો સમાવેશ થાય છે.


નવી ટીમને વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા...




કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું
એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો
## ઘેર બેઠા વિશ્વકર્મા મેળવો










**લવાજમ ભરવા**

Paytm OR G Pay કરો

મો.૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરી આજ નંબર પર વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

**આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.**

ટપાલ દ્વારા ભારતભરમાં લવાજમ રૂા. 300/-

**નિયમિત અંક મેળવવા કુરિયર દ્વારા લવાજમ ભરવાનો આગ્રહ રાખો**

| | લવાજમ | કુરીયર ચાર્જ | કુલ રૂા. |
|---|---|---|---|
| રાજકોટ | 300 + | ~~૧૮૦~~ ને બદલે માત્ર રૂા. ૧૦૦ | ૪૦૦/- |
| સૌરાષ્ટ્ર | 300 + | ~~૨૪૦~~ ને બદલે માત્ર રૂા. ૧૫૦ | ૪૫૦/- |
| ગુજરાત/ મહારાષ્ટ્ર | 300 + | ~~૩૬૦~~ ને બદલે માત્ર રૂા. ૨૦૦ | ૫૦૦/- |
| અન્ય રાજય | 300 + | ~~૬૦૦~~ ને બદલે માત્ર રૂા. 300 | ૬૦૦/- |

વિશ્વકર્મા વિશ્વ

**વિશ્વકર્મા વિશ્વ વિનામુલ્યે વાંચવા અને રોજેરોજના સમાચાર મેળવવા આજે જ મોબાઈલ એપ ડાઉનલોડ કરો...**

www.vishwakarmavishwa.com


વધુ માહિતી સંપર્ક :
પ્રવીણ ગજજર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month


કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

# દીપોત્સવી વિશેષાંક




વિશ્વકર્મા વિશ્વનો આગામી અંક
**દીપોત્સવી વિશેષાંક** તરીકે નવેમ્બરમાં પ્રસિદ્ધ થશે.
**દીપોત્સવી વિશેષાંક**માં પસંદગીના સ્થાન માટે
**આપની જાહેરાત આજે જ બુક કરાવો...**
**આપની જાહેરાત મોબાઈલ એપ અને ડીઝીટલ એડીશનમાં પણ પ્રસિદ્ધ થશે.**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૧.

સંપર્ક : પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫    E-mail : vishwakarmavishwa@yahoo.com